Gujarati Seminar

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

અને

વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ સંચાલિત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

શ્રી એમ. આર. ડી. આટ્ર્સ અને શ્રી ઈ.ઈ. એલ. કે. કોમર્સ કોલેજ,ચીખલી ના સંયુક્ત

(Accredited 'B' by NAAC)

ઉપક્રમેરાજ્યકક્ષાનો એક દિવસીય પરિસંવાદ.

દિનાંક ૨૮–૦૧–૨૦૧૭, શનિવાર



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
અને
શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ અને શ્રી ઈ.ઈ. એલ. કોસાડીયા કોમર્સ કોલેજ ચીખલીના
સંયુક્ત ઉપક્રમે આયોજિત
તા. ૨૮–૦૧–૨૦૧૭

## રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ

**વિષય : "ગુજરાતી સાહિત્યમાં દક્ષિણ ગુજરાતના સર્જકોનું યોગદાન"**



૧૦–૧૦ કલાકે ઉદ્‌ઘાટન સમારોહનો આરંભ થયો જેમાં ઉદ્‌ઘોષિકા પ્રા. નયનાબેન નાયકે વસંતની વધામણી સાથે સૌને આવકાર્યા. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કર્યા બાદ વિદેશમાં વસતા ગુજરાતીના વતનપ્રેમને વ્યકત કરતું ગુર્જરગીત, ગુર્જર ગિરાના ઉપાસકોની ઉપસ્થિતિમાં રજૂ થયું. કલાકારો હતા – સ્વીટી, નિકીતા, કૃતિકા, ટ્વીકલ, આશા અને અન્ય.







ત્યારબાદ જીનલ, તુલસી, કિન્નરી પટેલ, ગુલફલા ખલીફા વગેરે દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યું..... ગુર્જરીના ગૃહકુંજે.... જીવન ગુંજે.....




સંસ્થાના આચાર્યા આદરણીયા ડૉ.એફ.એચ.દેસાઈ દ્વારા શબ્દપુષ્પો થકી સૌને આવકારાયા. એમણે સ્વ.મોહનકાકાને યાદ કરતાં કહયું કે એમની અવિરત સાધના થકી જ આ સંસ્થા ને એક નિશ્ચિત ઓપ મળ્યો છે. M.C.A. તથા શારદા ફાઉન્ડેશનના સ્થાપક દર્શનભાઈ દેસાઈ, વિનયન વિદ્યાશાખાના ડીન, આચાર્યા ડૉ.હેમાલીબેન દેસાઈ વગેરે મંચસ્થ મહાનુભાવોનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરતાં એમણે ઉમેર્યું કે... 'શબ્દ એજ પૂજારી થઈ પછી પુષ્પ થયો.'

ત્યારબાદ ડૉ.ફાલ્ગુનીબેને નર્મદચંદ્ર વિભૂષિત શ્રી મણિલાલ હ.પટેલના સ્વાગત સાથે એમનો વ્યકિતગત અને કૃતિત્વનો પરિચય આપ્યો. રંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના આચાર્ય ડૉ. કિશોરાભાઈ નાયકનો તથા દ.ગુ. ના સાહિત્ય સર્જક, ડૉ. વિજય શાસ્ત્રી – કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હીમાં જેમની મહત્વની ભૂમિકા છે તથા સાહિત્યક્ષેત્રે અનોખું પ્રદાન છે એવા તમામ મહાનુભાવોના શાબ્દિક સ્વાગત બાદ પુષ્પગુચ્છથી સૌને સત્કારવામાં આવ્યા.







ત્યારબાદ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરતું વકતવ્ય સેમિનારના સંયોજિકા પ્રા.રમીલાબેન નાયકે આપ્યું. એમણે કહયું કે સાહિત્યકારોને કોઈ સીમાડા હોતા નથી, પણ ઘરદીવડાને આવકારવાનો આ અવસર છે. ભગવતીકુમાર શર્માની કાવ્યપંકિત 'ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ

દક્ષિણ ગુજરાત' ટાંકી એમણે સ્નેહરશ્મિની જન્મભૂમિ ચીખલીમાં સૌને આવકારતાં દ. ગુ. ના તમામ સર્જકોની નોંધ લીધી. અંતે આ ધરતીમાં અનેક છૂપાં રત્નો પણ છે નો ઉલ્લેખ કરી સર્જકો, વિવેચકો દ્વારા ગુજરાતી ભાષા સમૃદ્ધ થતી રહે અને આવનારી પેઢીનાં રસરુચિ માતૃભાષા પ્રત્યે વધે એવી શુભેચ્છા વ્યકત કરી સમાપન કર્યું.


ત્યારબાદ સંસ્થાના વડા શ્રી અરવિંદભાઈ દેસાઈએ આશીર્વચન આપ્યાં. જેમાં એમનો સાહિત્યપ્રેમ વ્યકત થયો. વળી રવીન્દ્રનાથ ટાગોર, મેઘાણી, સરોજિની નાયડૂ વગેરેને યાદ કર્યા અને ભૂતકાળમાં ઘટિત ઘટનાઓ કહી.



ત્યારબાદ ડૉ.હેમાલીબેન દેસાઈનું પ્રસંગોચિત વકતવ્ય રજૂ થયું. જેમાં ગુજરાતના નકશામાં આ કોલેજને સ્થાન અપાવનાર ગતિવાન આચાર્ય રૂપે ડૉ.ફાલ્ગુનીબેન દેસાઈ તથા મંચસ્થ મહાનુભાવોના સંબોધન સાથે એમણે ગુજરાતી વિષયના સંદર્ભે કહયું કે અભ્યાસક્રમમાં એવું પરિવર્તન લાવીએ જેથી આપણા વિદ્યાર્થીને રોજગાર પણ મળી શકે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થઈ રહી છે. તેની ચિંતા વ્યકત કરતાં એમણે માતૃભાષા રોજગારલક્ષી બનીને ભાવી પેઢીને ઉપયોગી બને એવી શુભ ઈચ્છા વ્યકત કરી.



ત્યારબાદ બીજવકતવ્ય માટે શ્રી મણિલાલ હ.પટેલને આમંત્રણ અપાયું. એમણે સ્નેહરશ્મિને યાદ કરીને કહયું કે પંખીની જેમ માણસ પણ યાયાવર છે. ઘરથી દૂર જવા માટે જ આપણે ઘર બાંધ્યું છે. સાહિત્ય આપણું ઘર છે અને ત્યાંથી આપણે શાસ્ત્રો પુરાણોમાં જઈએ છીએ. ૨૫ મિનિટમાં ૪૦ કવિની વાત કરવાની છે કઠિત છે. એમ કહીને એમણે દ.ગુજરાતમાં વસતાં એવા બહારના કવિઓ અને દક્ષિણ ગુજરાતથી બહાર ગયેલા કવિઓને યાદ કર્યા.



એમણે કહયું કે સાહિત્ય તો માટીમાંથી આવે છે. આજની માતાઓ બાળકને માટીમાં રમે તો છી એ તો ગંદુ છે એમ કહે છે. પહેલાં બાળક સ્કૂલે ચાલતાં જતાં અને રસ્તામાં કીડી, કબૂતર બધું જોતાં જતાં. આજે તો એ.સી. ગાડીમાં નાંખીને એને સ્કૂલે મોકલવામાં આવે છે. ત્યાં સાહિત્ય કયાંથી ચઢે?

સુરતના સાહિત્યકારો – ગઝલકારોને યાદ કરી શ્રી રતિલાલ  મનહર ચોકસી, અ. રાંદેરીયા, મધુકર રાંડેરીયા, ટંકારવી, મગનભાઈ પટેલ મૃદુલ ચોકસી, કિશોર મોદી, મનહર ટેલર, બકુલ ટેલર, યામિની વ્યાસ, મંગળ રાઠોડ, કિશન સોસા., જગદીશ વ્યાસ, ઋષભ મહેતા, ગાયત્રી ભટ્ટ, ભૂપેશ અધ્વર્યુ, રઈશ મણિયાર અને અન્ય અનેકને યાદ કરીને કહયું કે એમાંયે હજી નીવડીને આવશે અને પછીની પેઢી યાદ કરશે એવાં ઘણાં સાહિત્યકારો છે.

વિગતે વાત કરતાં એમણે નર્મદની વાત કરી – નર્મદે આપણને ચારેક નવા વિષયો આપ્યા. પ્રકૃતિની કવિતા આપી. વાનગીઓની યાદી આપી. દેશભકિતની કવિતા આપી.

ત્યારબાદ પંડિતયુગની વાત કરી. ગુજરાતી કાવ્યના વસંત વિજય  જેવા નાનાલાલને યાદ કર્યા. કાન્તનાં પાંચેક કાવ્યમાં કવિતાએ ભરેલી ફાળ, બળવંતરાયના સોનેટ દ્વારા ગુજરાતી કવિતાનું આરોહણ, રામનારાયણ પાઠક, 'બેઠી ખાટે, ફરી વળી બધે મેડીએ ઓરડામાં' કહી મંદારાતાની વાત કરી. અગેયતા અને વિચારપ્રધાનતાના ઉપાસકોની વાત કરી. 1940 થી 1952 ના અનુગાંધી યુગની વાત કર્યા પછી 1954 – 55 થી આવતાં ઉશનસ્, જયંત પાઠક, સુરેશ જોષી અને સાહિત્યને

મળેલી જુદી દિશાની વાત કરી. નિરંજન ભગત, વિજય શાસ્ત્રી અને શંકરભાઈ આવ્યાની વાત કરી. શબ્દ, કલ્પન, પ્રતીક અને સંવેદનના મહત્વ સાથે અંદરની અનુભૂતિ અને મિજાજ પ્રમાણે પ્રગટતા સોનેટ કે ગઝલ – કવિતા પોતાનું રૂપ લઈને પ્રગટે.

સુરેશ જોષીના ગદ્ય સાહિત્ય નિબંધ, વાર્તા સાથે ઈતરા કાવ્યસંગ્રહનો ઉલ્લેખ. સ્નેહરશ્મિનાં હાઈકૂ ઉદારહણો સાથે હરિશચંદ્ર ભટ્ટ ના પ્રદાન વિષે, આપણું વિવેચન 'બહેરું અને બોલવું છે.' ઉશનસ્ અને જયંત પાઠક કે જેઓ માસી – માસીના ભાઈઓ થાય. જયંત પાઠકનું મોતી જેવું કાવ્ય 'વગડાનો શ્વાસ' અને અંતે ભગવતીકુમાર શર્મા એ લખેલ પંકિત–પત્નીના અવસાન પછીની 'ઘરમાં રહું ને તોયે ભીજાવું સોંસરવું એવો વરસાદ કયાંથી લાવવો' અને પછી 'કાળ જ ઉત્તમ વિવેચક છે.' કહીને વિરમ્યા.



શ્રી ગુણવંતભાઈ વ્યાસનું વકતવ્ય ૧૨:૦૦ કલાકે આરંભ થયું. સાવ ધીમા પગે પાનખર ઘર કરી જાય છે, કોઈને પડી છે જ કયાં કહીને એમણે કહયું કે સ્થૂળની વાત કરવાની છે. એમણે એક કાવ્યથી શરૂ કર્યુ.... " સાંજને સમે આરતી ટાંણે, ભીડ જામી છે બહુ" એમણે ભગવતીકુમાર શર્માની શારીરિક મર્યાદા છતાં આ ભૂમિને અતિક્રમીને સમગ્ર ગુજરાતીના હૃદયમાં માનવંતુ સ્થાન મેળવ્યું અને અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાની વાત કરી. દર્શક એવોર્ડ, ગોવર્ધનરામ એવોર્ડ, નરસિંહ મહેતા સન્માનની સાથે નવલકથાકાર અને વાર્તાકાર ભગવતીકુમાર શર્મા 'મારે હૃદયે બે મંજીરા એક જુનાગઢનો મહેતો બીજી મેવાડની મીરા' ૧૪ વર્ષે કરેલી શરૂઆત અને આજીવન પ્રદાનની વાત કરી બહુ વિસ્તારથી તંત્રી લેઓ ૪૦૦૦૦ જેટલા લખ્યાનો ઉલ્લેખ કરી કહયું કે પત્રકારે સાહિત્યકારને ઘડયો છે. અપૂર્વ લોક, ઉર્ધ્વમૂલ, સમયદ્વીપ, વ્યકતમઘ્ય, નિબંધો વિવેચનની વાત કરી.



પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે પ્રસંગોપચિત વકતવ્ય આપ્યું. આપણો પ્રદેશ મન રાજી, ધન રાજીનો પ્રદેશ શ્રી રજનીભાઈ મહેતાને એમણે ગુરુ તરીકે ઓળખાવતાં કહયુ કે શબ્દ, સૂર, તાલ અને સંવેદનાની સમજણ મને રજનીભાઈએ આપી. અંતે એમણે સ્વરચિત કાવ્યનું પઠન કર્યુ. – ચલણ બદલાય પણ વલણ ?

બદલાય ચલણ પણ વલણ નહી તો શું કહેશો ? નોટબંધી પર રચેલી કવિતાનું પઠન કર્યુ. 'ક્રૂર જગતમાં કન્યાદેહે નથી. અવતરવું મારે' અંતે આ સેમિનારરૂપી જ્ઞાનયજ્ઞ સફળ નીવડે અને સાક્ષાત્કારની ઘડી સુધી પહોંચે એવી શુભેચ્છા વ્યકત કરી સમાપન કર્યુ.

ત્યારબાદ પ્રા. રમીલાબેન નાયકે આભારવિધિ આટોપી. સંબોધન બાદ ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈનો એમની ઉપસ્થિતિ માટે શ્રી દર્શનભાઈનો એમની પ્રેરણા અને પ્રત્સાહન માટે, પ્રભાવક બીજ વકતવ્ય માટે શ્રી મણિલાલભાઈ પટેલનો, સારસ્વત વકતા શ્રી વ્યાસ સાહેબનો, અતિથિ વિશેષ હેમાલીબેનનો ઉપસ્થિતિ માટે, પ્રેરણાદાયી વકતવ્ય માટે કિશોરભાઈનો, પ્રેરણા અને આયોજન તથા હૂંફ માટે આચાર્યા ફાલ્ગુનીબેન દેસાઈનો, આર્થિક સહાય માટે ગુજરાત ગાંધીનગરનો. ભગિની સંસ્થાના શ્રી અશોકભાઈનો, તમામ સારસ્વતો – શ્રી વિજયભાઈ શાસ્ત્રી, મીનળબેન, માળી સાહેબ, શંકરભાઈ, ભૂતપૂર્વ મિત્રો, સાથીઓનો. વિવિધ કોલેજના ગુજરાતી અધ્યાપકોના શોધપત્રો રજૂ કરવાના છે. એમનો વિદ્યાર્થીઓના એમ. એ. અને ટી.વાય.બી.એ. ના વિદ્યાર્થીઓનો. સ્ટાફના મિત્રો, ઓફિસના મિત્રો, સેવકો, ફોટોગ્રાફર, પત્રકાર, નામી– અનામી ઉદ્ઘોષક નયનાબેનનો સૌનો આભાર. પ્રાર્થના, સ્વાગત ગીત કરનાર વિદ્યાર્થીઓનો પણ આભાર માની વિરમ્યાં.

ઉદ્ઘાટન સમારંભ સમાપ્ત

૧:૦૦ થી ૨:૦૦ ભોજન વિરામ

દ્વિતીય બેઠક : ૨:૦૦ થી ૩:૩૦



સભાના અધ્યક્ષ ડૉ. મણિલાલભાઈ હ. પટેલ

દ્વિતીય બેઠકના વકતા ડૉ. મીનળ દવે, ડૉ. વિજય શાસ્ત્રીનું સંયોજિકા પ્રા. રમીલાબેન નાયક દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. ડૉ. મણિલાલભાઈ હ. પટેલ અને પ્રા. દિનકરભાઈ ટંડેલનું સ્વાગત કર્યા બાદ ડૉ. મીનળ દવેનો ટૂંકો પરિચય અપાયો. મિતભાષી, નિખાલસ અને વિદુષી એવાં મીનળબેનને પ્રવાસ તથા વાંચનનો શોખ છે. ડૉ. મીનળબેનનો વિષય હતો – "ગુજરાતી સાહિત્યમાં દક્ષિણ ગુજરાતનાં સ્ત્રી સર્જકોનું યોગદાન". એમણે પ્રથમ રમૂજ કરતાં કહયું કે મારો પ્રયત્ન એ રહેશે કે તમને ઊંઘવા નહી દઉં. એમણે વકતવ્યનો આરંભ કરતાં પ્રશ્ન કર્યો કે કોઈ સર્જક કોઈ સ્થળનો હોય છે ખરો? અનુવાદ થકી એ અન્ય ભાષા–પ્રદેશ સુધી પહોંચી જતો હોય છે. અહીના સર્જકો દક્ષિણ ગુજરાતની લાક્ષણિકતાઓને કેવી રીતે જીવે છે અને ઝીલે છે તેની વાત કરવી છે. સરોજ પાઠક કચ્છી પણ કર્મભૂમિ દક્ષિણ ગુજરાત. કુંદનિકા કાપડિયાનું પણ કાર્યક્ષેત્ર દક્ષિણ ગુજરાત.

એમણે ૧૫૦ થી ૨૦૦ વર્ષ પહેલાંની બે–ત્રણ ઘટનાઓ વર્ણવીને બતાવ્યું કે સ્ત્રીનું સમાજમાં સ્થાન કયાં છે? દ. ગુ. ની સ્ત્રી સમસ્યાઓનો સામનો કઈ રીતે કરે છે?

પ્રથમ ૧૮૦૧ ની ઘટના વર્ણવી. જેમાં અમૃતલાલની પત્ની નુ દિકરો જન્મીને મરી જવાની ઘટના. એમણે એ સમયે કે જેમાં ખૂણો પાડવાનું ફરજીયાત હતું એમાં કોલસાથી ભીત પર લખીને ઘર છોડયું. ૨૧૬ વર્ષ પહેલાં કે પીયર જાઉં છું. શોધ ન કરવી. પાછી આવવાની નથી. (પીયર–ઓલપાડ) તરીને સામે કાંઠે રાત્રે ૯:૦૦ થી ૯:૩૦ કલાકે પિયર–ઘરે પહોંચ્યાં. ઘરનાં ડઘાઈ ગયાં ને એમણે ત્યારે જ કહી દીધું કે પાછી નહી જાઉં.

સતી થવાના સમયમાં, ગુલામી સહન નહી કરીને, પિતા પાસે પોતાનો હિસ્સો માંગીને જીવન પૂરું કરે છે. અર્થાત્ ? દક્ષિણ ગુજરાતના સમાજની–સ્ત્રીની આ ચેતના છે.

એમણે ઉલ્લેખ કર્યો કે તે સમયે ૪ ધોરણ ભણ્યા પછી લગ્ન કરનારને મિશનરીઓ ૪૦ રૂપિયા આપતી. આજના ૪ લાખ રૂપિયા કહેવાય.

વિધવા વિવાહમાં પણ દ.ગુ. કેવું મોખરે રહે છે એની વાત કરતાં એમણે મુંબઈમાં કરેલાં ગુજરાતીનાં વિધવા વિવાહ તથા ભરૂચમાં થયેલા બીજા વિધવા વિવાહ–જીવકોરબેનની વાત કહી. સૂરતમાં પ્રથમ લેખિકા તરીકે ધનદાગૌરી સદાશિવરામ મહેતા જેમની પાસેથી ત્રણ નાટક મળ્યાં. પિતાએ શિક્ષણ એમને આપેલું.

ત્યારબાદ તો એમણે અનેક સ્ત્રી લેખિકાઓની વાત કરી જેમને સમાજ ખાસ જાણતો નથી. એમાં ક.મા.મુનશીનાં માતૃશ્રીનો પણ ઉલ્લેખ થયો. એમનાં પત્ની લીલાવતી મુનશીએ પણ રેખાચિત્રો લખ્યાં છે.

૧૯૬૦ ના દાયકા સુધી પહોંચતાં એમણે દક્ષા વ્યાસ શરીફા વિજળીવાળા, હિમાંશી શેલત, કુંદનિકા કાપડિયા અને સરોજ પાઠકની વાત કરી.

હરવિલાસબેન, ચંદ્રકાન્તાબેને અનુવાદો આપ્યાં. ભારતી રાણે દ્વારા ગુ. પ્રવાસ સાહિત્યની વાત કરી. રીના મહેતા, ઉચ્છલમાં વસતાં હાસ્ય સાહિત્યકાર કલ્પના દેસાઈ, જેમાં અનાવિલ બોલીનો સ્પર્શ છે. નીલમ યોગીન્દ્ર–ગાંધીજીના પ્રપોત્રી, પૂર્ણિમા પકવાસા, અનુવાદક અને લેખિકા અરુણા બેદી હળવી શૈલીનાં નિબંધ આપ્યાં.

ગુજરાતી ભાષાનાં કવયિત્રી સૂરતનાં જે અમેરિકામાં જઈને વસ્યાં એવાં પન્ના નાયક 'માપસર જીવવાનું મને ગમતું નથી.' કહેનારાં એમની વાત તો કરવી જ પડે.

બારડોલીનાં સંધ્યા ભટ્ટ–કવયિત્રી અને નિબંધકારનો સંપાદન ગ્રંથ–"તારું ચાલ્યા જવું" "દક્ષિણ ગુજરાતની સ્ત્રી અધ્યાપકો દશા અને દિશા"

હિમાંશી શેલતનો એમણે શુદ્ધ દ.ગુ. સર્જક તરીકે પરિચય આપતાં કહયું કે ટૂંકી વાર્તાની એમણે સર્જનની શરૂઆત કરી. દલિતવાદ, નારીવાદ. સ્ત્રી સંવેદનાની વાત કરનાર લેખિકા. સામાન્ય સ્ત્રીનો ચહેરો બતાવ્યો.

અમૃતા શેરગીલે 'આઠમો રંગ' જીવન કથા આપી. કુંદનિકા કાપડિયા પહેલાં મુંબઈ પછી નંદીગ્રામ સાડાત્રણ દાયકાથી રહે છે. "સાત પગલાં આકાશમાં" પુસ્તકથી નારીવાદનો પ્રારંભ થાય છે. મકરંદ દવેના જીવન સહચરી પાસેથી આપણને સંસ્મરણો પણ મળ્યાં છે.

આધુનિકતા, ટૂંકીવાર્તા, લઘુનવલ આપણને સરોજ પાઠક પાસે મળે છે. સહિત્યમાં મનોવિશ્લેષણ એમની લાક્ષણિકતા છે. સુરેશ જોષી પછી સરોજ પાઠક આપણી પાસે બીજું નામ છે આધુનિક વાર્તાકાર તરીકે.

દક્ષા વ્યાસે સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કાવ્ય– સરળતાથી સાદીભાષામાં ઉર્મિઓને અભિવ્યકિત આપનાર, એમનાં સાહિત્યમાં સહૃદયી ખુલ્લી આંખે આ વિશ્વને જોઈ રહેલી નજર જોવા મળે.

શરીફા વિજળીવાળાએ વિવેચનથી આરંભ કર્યો. સંપાદન કાર્ય કર્યું. સ્ત્રીકેન્દ્રી વાર્તાઓનું સંપાદન – 'શતરૂપા' લેખ અગત્યના છે. આવાં અનેક લેખિકાઓ સ્વાતિ નાયક, મનિષા શુકલ, મોના પાત્રાવાલા વગેરેની રસપ્રદ, જ્ઞાનવર્ધક, વાસ્તવિક વાતો કરી ડૉ. મીનળ દવેએ પોતાનું વકતવ્ય સમાપ્ત કર્યું.

બીજી બેઠકનાં અન્ય વકતા ડૉ. વિજય શાસ્ત્રી



એમનાં ૪૦ જેટલાં પુસ્તકો, ૬ પુરસ્કારો અને ગુ.સા.અ. સાથેનો સંબંધ–હાસ્ય–વ્યંગ્ય દ્વારા સમાજને ઢંઢોળતાં લેખક તરીકે એમનો પરિચય અપાયો.

ડૉ. શાસ્ત્રીએ કલ્પના દેસાઈનાં 'ચાલતાં ચાલતાં સિંગાપોર' થી વકતવ્યની શરૂઆત કરી. એમણે દક્ષિણ ગુજરાતના હાસ્યલેખકોની કૃતિઓ અને લેખકોની વાત ખૂબ હળવી રમૂજી શૈલીમાં

અને ઉદાહરણો સાથે શ્રોતાઓ સમક્ષ રજૂ કરી જેમાં લપ્પન-છપ્પન -ઉર્વશી દવે, ઋજુતા, દિપ્તી શાસ્ત્રી, ચીમન વ્યાસ, રતીલાલ બોરીસાગર, ધનસુખલાલ, જયોતિન્દ્ર દવે, વિનોદભટ્ટની કૃતિઓની વાત થઈ.

ચંદ્રવદન અને જયોતીન્દ્ર દવેએ વકતવ્યમાં કરેલી જુગલબંધીની વાત કરી. જયોતીન્દ્ર દવેના જીવનના બે-ચાર કિસ્સા પણ કહયા. બ.ક. ઠાકોરને રુબરુ મળવા ગયેલા ત્યારનો- કવિતા કેમ નથી લખતાં? "એવી મૂર્ખાઈ હું નહી કરું" કેટલાક લોકો હ્યુમરસલી સીરીયસ હોય અને કેટલાક સીરીયસલી હ્યુમરસ.

લગ્નમાં હસ્તમેળાપનો વિધિ કેમ? એનો જવાબ ખૂબ સૂચક સરસ જયોતીન્દ્ર દવેએ આપેલો એનો ઉલ્લેખ કર્યો. બંગડી નથી, સાડી નથી આ નથી અને તે નથીમાં- 'નથી' નું મહત્વ. તું વિધવા 'નથી'.

અને અંતે બે જણા પ્રેમમાં પડે તો આરંભે-

તું નથી તો હું નથી.

પછી- જો હું નથી તો તું નથી.

અને પછી – કાં' હું નથી કાં' તું નથી માં પરિણમે લગ્નજીવન.

ત્યારબાદ -અધ્યક્ષીય પ્રવચન આપતાં ડૉ. મણિલાલ હ. પટેલે કહયું કે અંધારિયા ખૂણામાં પ્રકાશ પાડવાનું કામ ડાૅ. મીનળબેને કર્યું. જુદા જુદા સંદર્ભમાં વાત કહી તેથી ખ્યાલ આવ્યો કે આ ક્ષેત્રમાં ઘણું કરવાનું બાકી છે.

ડાૅ. વિજયભાઈએ શૈલી પ્રમાણે સરસ રીતે વાત મૂકી આપી. એક સરવૈયું આપી દીધું. બંનેનાં વકતવ્ય રસપ્રદ અને રસાળ શૈલીમાં હતા. બંનેને અભિનંદન અને આભાર.

## ત્રીજી બેઠક – શોધપત્રનું વાંચન ૩:૩૦ થી ૪:૩૦

ત્યારબાદ શોધપત્રોનું વાંચન શરૂ થાય છે. શોધપત્ર વાંચન મોહનકાકા લાયબ્રેરી હોલમાં અને કોન્ફરન્સ હોલમાં સમાંતર રીતે શરૂ કરવામાં આવ્યો. મોહનકાકા લાયબ્રેરી હોલમાં જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડના નિવૃત પ્રા. રમેશભાઈ માળીના અધ્યક્ષ સ્થાને તથા કોન્ફરન્સ હોલમાં જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના પ્રા. ડૉ. દિનકરભાઈ ટંડેલના અધ્યક્ષ સ્થાને સંશોધન પત્ર વાંચન કરવામાં આવ્યું. અધ્યાપકો, શોધાર્થી અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક શોધપત્રોનું વાંચન થયું.









સમાપન બેઠક : ૪:૩૦ થી ૫:૩૦





પ્રિ. ડૉ. જે. એમ. નાયકના અધ્યક્ષપણા હેઠળ સમાપન બેઠકનો આરંભ થયો. માતૃભાષા ગુજરાતી માટે કંઈક કરી છૂટવાની લાગણી સાથે આયોજિત આ સમાપન બેઠકમાં પ્રા.દિનેશભાઈ રાઠોડે સભાને સંબોધન કરી ડૉ. જે. એમ. નાયક સાહેબનો પરિચય આપ્યો. N.S.S. થકી સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા, વાણિજ્ય વિભાગના ડીન તથા પુસ્તક પરિચય માટે યુનિવર્સિટી અધ્યાપકોને આમંત્રણ આપી જ્ઞાનયજ્ઞ કરનારા પ્રિ. ડૉ. જે. એમ. નાયકનું સ્વાગત કોલેજનાં સફળ સુકાની એવાં પ્રિ. ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ દ્વારા પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું.

ત્યારબાદ સેમિનારના પ્રતિભાવો આપતાં પ્રથમ ડૉ. દિનકરભાઈ ટંડેલે (વલસાડ કોલેજ) કહ્યું કે વિષય સાવ નવો છે. મારી જાણમાં આ વિષય પર પહેલાં કોઈએ દ.ગુ.ના સાહિત્યકારો પર વાત કરી નથી. દ.ગુજરાતમાંથી બહાર ગયેલા અને બહારથી આવીને અહી વસેલા સૌ

સાહિત્યકારોને આપણે આવરી લીધા. ખૂબ ઓછા સમયમાં શ્રી મણિલાલભાઈએ પણ ઘણી વાતોને આવરી લીધી. એમ. ફિલ. અને પી.એચ.ડી. ના શોધાર્થીઓને નવા વિષયો મળ્યા.

શ્રી ગુણવંતભાઈ વ્યાસે પણ ભગવતીકુમાર શર્માનાં ઘણાં પાસાંઓને ઊઘાડી આપ્યાં અને ડૉ. મીનળબેન દવેએ પણ ઘણી લેખિકાઓની વાત ખૂબ જ સુંદર રીતે આવરી લીધી. વિજયભાઈની આગવી લાક્ષણિક શૈલીથી વિદ્યાર્થીઓને મજા આવી. મારી, તમારી – આપણી વાતોનો આનંદ આપણે સૌએ લીધો.

ભોજન સરસ, સ્વાગત સરસ ફરી આવવાનું મન થાય એવું.

બીજો પ્રતિભાવ પ્રા. શ્રી નરેન્દ્ર ગોહિલે આપ્યો અને સેમિનારને પ્રેરણારૂપ ગણાવ્યો. મધ્યગુજરાતમાં આવો સેમિનાર આયોજિત કરીશ. અહીનો પ્રેમ ફરી માણવા મળ્યો, જમવાનું પણ દાઢે વળગી રહયું. ફરીથી કોઈ આયોજન કરશો તો પણ જરૂરથી આવીશું એમ કહયું.

ડૉ. અજયભાઈ પટેલે બે શબ્દોમાં પ્રતિભાવ આપતાં કહયું કે સફળ પરિસંવાદ, સફળ સેમિનાર.

અન્ય પ્રતિભાવ ડૉ. મીનાક્ષીબેન આહિરે આપતાં કહયું કે ટીમવર્ક પ્રસંશનીય, સમયપાલનનું ધ્યાન આયોજકે રાખ્યું છે, સંચાલન સારું – ફરી આવવાનું મન થાય એવું ભોજન પણ સારું એમણે કહયું કે આમાં કોઈ અતિશયોકિત નથી.

આપણી જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી રવિ પટેલે પ્રતિભાવ આપતાં કહયું કે અહી નયના મેડમ મારાં મમ્મી જેવાં છે. લક્ષ્મી, સરસ્વતી અને મા પાર્વતી જેવાં ત્રણ મેડમ અને ડૉ. કિશોરભાઈની ઉપસ્થિતિમાં મારું પેપર રીડીગ ગમ્યું.

ભૂતપૂર્વ વિદ્યાર્થીની દર્શનાબેને રહયું કે અમે પણ અહીથી પ્રેરણા લઈને આવો સેમિનાર કરી શકીશું એવો વિશ્વાસ થયો છે.

કોલેજની વિદ્યાર્થીની દર્શનાએ ટૂંકમાં પોતાની લાગણી વ્યકત કરી.

ત્યારબાદ પ્રતીકરૂપે પ્રમાણપત્રોનું વિતરણ કરાયું અને અધ્યક્ષીય પ્રવચન ડૉ. જે. એમ. નાયક દ્વારા કરાયું. પ્રથમ એમણે ઝવેરચંદ મેઘાણી પર તૈયાર થયેલા નાટકને જોવાની ભલામણ કરી, ઉત્કર્ષ મજમૂદારના અભિનયને વખાણ્યો.

વાપી અધિવેશનમાં ગુજરાતી પર બોલવાનું થયું અને કહયું કે આવતાં પાંચ–દશ વર્ષ પછી ગુજરાતી ભાષાનું અસ્તિત્વ રહેશે કે કેમ? એની ચિંતા થઈ રહી છે. આજનાં બાળકોની ભાષા કેવી

બગડી રહી છે. તેનું રમૂજી ઉદાહરણ આપ્યું. જે. કે. અંકલ – જયશ્રીકૃષ્ણ. જાણે ગુજરાતી ભાષાનું થતું ચીરહરણ. માતૃભાષાની અવગણના એ રાષ્ટ્રીય આપઘાત છે કહેતાં એમણે ગાંધીજી, શ્રી મોદી, હવધર ગોસ્વામી, વગેરેની ઉક્તિઓ ટાંકીને વકતવ્ય પૂરું કર્યું.

અંતે માળી સાહેબે ગુજરાતી ભાષા વિષયક પોતાની લાગણી વ્યકત કરી નાયક સાહેબના સૂરમાં સૂર પૂરાવ્યો ને કહયું કે ગુજરાતી માટે આપણે એટલું કરી શકીએ કે "આપણે કચરો ન પાડીએ"

સમાપન સમારંભને અંતે પ્રા.રમીલાબેન નાયક – સેમિનારનાં સંયોજિકાએ સૌનો આભાર માન્યો.